# મોરબીના મહે. બીજા એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ,મોરબી

ફોજદારી કેસ નં.9698/25

આંક :....

શ્રી સરકાર ::::: ફરીયાદી

વિરુધ્ધ

(૧)શૈલેશભાઈ ધીરૂભાઈ દેગામા
(૨)શની જગદીશભાઈ સુરેલા
(૩)પ્રવીણભાઈ ગાંડુભાઈ અબાસણી
(૪)બડાભાઈ સવજીભાઈ ઝીંજુવાડીયા
(૫)વીક્રમભાઈ લાલજીભાઈ દારોદરા

:::: આરોપીઓ

:: ચુકાદો ::

૧. ફરીયાદપક્ષનાં આક્ષેપ મુજબ આ કામનાં આરોપીઓ ના રોજ મોરબી તાલુકા પો.સ્ટે.ના વિસ્તારમાં જાહેરમા ગેરકાયદેસર રીતે ગંજીપતાના પાના વડે પેસાની હારજીતનો ત્રણ પાનાનો રોનનો નશીબ આધારીત જુગાર રમી રમતા ગંજીપતાના પાના નંગ–પર કી.રુા.૦૦/૦૦ તથા જુદા જુદા દરની ચલણી નોટો કુલ રોકડા રુા.૧૧,૫૦૦/–ના મુદામાલ સાથે પકડાઈ જતા જુગાર ધારાની કલમ – ૧૨ મુજબનો શીક્ષાપાત્ર ગુન્હો કરેલ છે.

૨. આરોપીઓ અદાલત સમક્ષ ઉપસ્થીત થતા, આરોપીઓને પોલીસ પેપરોની નકલો આપ્યા બાદ આરોપીઓએ પોતાનો ગુન્હો કબુલ છે, તેવી પુરસીસ રજુ કરતા અદાલતે તમો ગુનો કબુલ કરવા બંધાયેલ નથી છતા પણ જો ગુનો કબુલ કરશે તો તેને મહત્તમ સજા થઈ શકશે તેવી સમજ આપેલ. ઉપરોકત સ્પષ્ટ સમજ આપ્યા બાદ આરોપીઓની આંક–____થી____ ______પ્લી નોંધવામાં આવી જેમા પણ આરોપીઓએ ગુન્હાની કબુલાત આપી ઉપરોકત કબુલાત સ્વેચ્છાપુર્વક આપેલ છે તેની ખાતરી થયા બાદ આરોપીઓને થનાર સજા અંગે સાંભળ્યા.

૩. આરોપીઓએ ગુનાની કબુલાત સ્વૈચ્છીક રીતે કરેલ હોય, આરોપીઓએ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યકત કરેલ હોય પોતાને અહેસાસ થયાનું જણાવેલ હોય, તેમજ ભવીષ્યમાં આવા પ્રકારનો ગુનો કરશે નહી તેવી નામદાર કોર્ટને બાંહેધરી આપી આ પોતાનો પ્રથમ જ ગુનો હોય યોગ્ય હુકમ કરવા અરજ કરેલ છે. આ કામનાં આરોપીઓ ગુન્હાનો એકરાર કરેલ હોય આરોપીઓને સજા કરવી જોઈએ તેમ હું માનું છું પરંતુ આરોપીઓની કબુલાત પુરસીસ વંચાણે લેતા તેમજ આરોપીઓ પક્ષે અદાલત સમક્ષ કરવામાં આવેલ રજુઆતો લક્ષમાં લેતા આરોપીઓને જો કાયદાનુસાર સજા કરવામાં આવે તો તેથી આરોપીઓ રીઢા ગુનેગારોનાં સંપર્કમાં આવે તેથી તેમના જીવન પર વીપરીત અસર થાય તેમ છે તેથી આ કામનાં આરોપીઓને હાલનાં ગુના સબબ દંડની સજા કરવી જોઈએ તેમ માનું છું. આરોપીઓની સામેનો ગુનો તેમજ રજુઆતને લક્ષમાં લેતા ન્યાયનાં હીતમાં નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

આ કામના આરોપીઓએ (૧)શૈલેશભાઈ ધીરૂભાઈ દેગામા(૨)શની જગદીશભાઈ સુરેલા(૩)પ્રવીણભાઈ ગાંડુભાઈ અબાસણી(૪)બડાભાઈ સવજીભાઈ ઝીંજુવાડીયા(૫)વીક્રમભાઈ લાલજીભાઈ દારોદરા વાળા નાઓ ને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ ૨૭૫ અન્વયે જુગારધારા ની કલમ–૧૨ નાં ગુના માટે પ્રત્યેક આરોપી દિઠ રૂપિયા ૧૦૦×૫ = ૫૦૦/– અંકે રૂપિયા પાંચસોપુરા (કુલ દંડ રૂપિયા ૫૦૦/–) નો દંડ અને દંડ ભરવામાં કસુર કરે તો વધુ દિન – ૦૩ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

મુદામાલની ચલણી નોટો સરકાર ખાલસા કરવી જયારે જુગારનાં સાહીત્યનો નાશ કરવો

હુકમ આજરોજ લોક અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

સ્થળ :: મોરબી.
તારીખ :: ૧૩/૧૨/૨૦૨૫
(સ્પે.સીટીંગ)

(જે.જે.જોષી)
બીજા એડી.ચીફ.જયુડી.મેજી.મોરબી
(GJ01271)

ફોજદારીદંડપહોંચનં.................
તા.૧૩/૧૨/૨૦૨૫થીરૂા.૫૦૦/–
અંકે રૂપિયા છસો પુરા
પૂરા વસુલ લીધા.

નાઝીર/આસીસ્ટન્ટ